<u>નવી બાબત વર્ષ ૨૦૨૦-૨૧</u>

ગુજરાત રાજયના અગરીયા વિસ્તારમાં "રણ આંગણવાડી " ની વ્યવસ્થા માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૯૪/બ

સચિવાલય, ગાંધીનગર

તા. ૧૭-૦૬-૨૦૨૦

<u>સંદર્ભ</u>:-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૩૦/૦૧/૨૦૨૦ નો પત્ર ક્રમાંકઃ મકમ-૩/આઇસીડીએસ/અગરીયા વિસ્તારમાં/SNP લાભ આપવા બાબત/૬૯૩૦૩-૦૪/નવી બાબત/૨૦૨૦-૨૧

<u>ઠરાવ</u>:-

ગુજરાતમાં સુરેન્દ્રનગર જિલ્લા ખાતેથી સ્થળાંતર કરતા અગરિયાઓ પોતાના ગામમાંથી સ્થળાંતર કરી કચ્છનાં નાના રણમાં અંદાજીત ૯ થી ૧૦ મહિના પોતાના કુટુંબને સાથે લઇ રણમાંજ કાચા ઝુંપડા બાંધી રહે છે. આ અગરીયા વિસ્તારો પ્રતિબંધિત વિસ્તાર હોવાને કારણે ત્યાં બાંધકામ કરવું શક્ય બનતું નથી. ત્યાં વિજળી અને પાણીની સુવિધાઓ પણ મુશ્કેલ બને છે. સ્થળાંતર કરતા અગરીયાના બાળકો આંગણવાડીની સેવાઓથી વંચિત ન રહે તે મુજબ વ્યવસ્થા કરવી જરૂરી છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અને સપ્લીમેન્ટરી ન્યુટ્રીશન રૂલ્સ - ૨૦૧૭ તથા ભારત સરકારની માર્ગદર્શક સુચનાઓ મુજબ ૬ માસથી ૬ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ તેમજ કિશોરીઓને પુરક પોષણ પુરૂ પાડવાનું થાય છે. જેમાં સ્થળાંતરિત લાભાર્થીઓને પુરક પોષણનો લાભ મળી શકે તે માટે અલગથી વ્યવસ્થા કરવાની થાય છે. સંદર્ભ (૧) થી સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા અને ધાંગધ્રા તાલુકામાંથી સ્થળાંતર કરતા ૧૫૦૦ જેટલા અગરીયા કુંટુંબોના અંદાજીત ૩૫૦ જેટલા લાભાર્થીઓ માટે "રણ આંગણવાડી "ની વ્યવસ્થા માટે રૂા. ૨૩,૦૦,૦૦૦/- ની જોગવાઇ માટે વર્ષ ૨૦૨૦-૨૧ની નવી બાબત તરીકે દરખાસ્ત રજુ કરેલ હતી.

ગુજરાત રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા અને ધાગધ્રા તાલુકામાંથી સ્થળાંતર કરતા ૧૫૦૦ જેટલા અગરીયા કુંટુંબોના અંદાજીત ૩૫૦ જેટલા લાભાર્થીઓ માટે "રણ આંગણવાડી" ની વ્યવસ્થા માટે રૂ.૨૩,૦૦,૦૦૦/- (રૂપિયા તેવીસ લાખ પૂરા) ની બજેટ જોગવાઈમાંથી નીચેની વિગતે ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

<u>શરતો:</u>

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૯) સુચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૧૦) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૧) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓ અને સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૨) આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૧૩) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્ર: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) આ યોજનાનો અમલ તા, ૦૧/૦૪/૨૦૨૦ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૧૦૬ |
| મુખ્ય સદર | : | ૨૨૩૬ પોષણ |
| પેટા મુખ્ય સદર | : | ૦૨ પોષણ, ખાદ્ય અને પીણાની વહેંચણી |
| ગૌણ સદર | : | ૧૦૧ ખાસ પોષણ કાર્યક્રમ |
| પેટા સદર | : | ૦૧ એન.ટી.આર.૧૦ - આંગણવાડી વર્કર તથા આંગણવાડી હેલ્પરને વધારાની સવલતો |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૦૬/૦૬/૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેકશન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૨) માન. મંત્રીશ્રી, (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) માન.રા.ક.મંત્રીશ્રી,(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
(૪) માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૫) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૮) સચિવશ્રી (આયોજન)ના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
(૯) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૦) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૧૧) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. .............

(૧૨) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ............

(૧૩) વિભાગીય નાયબ નિયામકશ્રી (અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત)

(૧૪) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી, જિ. ..........

(૧૫) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ...........

(૧૬) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

(૧૭) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

(૧૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૧૯) નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર

(૨૦) તિજોરી અધિકારીશ્રી, તિજોરી અદિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત તમામ

(૨૧) સિસ્ટમ મેનેજર- વેબસાઇટ ઉપર મુકવા સારૂ

(૨૨) સિલેક્ટ ફાઇલ